# ધરમપુર તાલુકામાં બે અકસ્માતમાં બેનાં મોત

**આંબાતલાટ હનમતમાળ રોડ પર યુવકનું તથા ભેંસધરા ગામે વૃદ્ધનું મોત**

ધરમપુરઃ ધરમપુર તાલુકાનાં આંબાતલાટ હનમતમાળ રોડ તથા ભેંસધરા ગામે બે અલગ અલગ અકસ્માતમાં બેનાં મોત નીપજ્યા હતા.

ધરમપુર ખાડા ગામની ગવલી ફળિયાના 59 વર્ષીય શીલા બિસતુ પવાર સાંજે દૂધ ભરવા મોપેડ ઉપર ડેરીએ જવા માટે ઘરેથી નીકળ્યા હતા, ત્યારે તેમના ઘરની સામે આંબાતલાટથી હનમતમાળ રોડ ક્રોસ કરતી વખતે આંબાતલાટ રોડ તરફથી એક બાઈકચાલકે રોંગસાઈડે આવી સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા મોપેડ બાઈક જોડે અથડાવતા બંને સ્લીપ થઈ ગયા હતા. જેમાં રોંગસાઈડ બાઈક હંકારનારા મનેશ ફાવડા (ઉ.વ.18, રહે., ભવાડા) વીજપોલ સાથે અથડાતાં માથામાં ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ અંગેની ફરિયાદ શીલાબેને ધરમપુર પોલીસમથકે નોંધાવી હતી. જ્યારે બીજા બનાવમાં ધરમપુરના ભેંસધરા ગામે રહેતા 70 વર્ષીય સોમા જાનયા દિવા હટવાડામાંથી ચાલતા ઘરે આવી રહ્યા હતા, તે સમયે સાંજે ભેંસધરા પટેલ ફળિયા ફુલવાડી રોડ ઉપર એક મોપેડચાલકે તેમને પાછળથી અડફેટે લેતાં તેઓ માર્ગ પર પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી બેભાન થઈ ગયા હતા. જોકે તાત્કાલિક 108ને જાણ કરતાં સ્થળ પર પહોંચેલી ટીમે સોમાભાઈને તપાસ બાદ મૃત જાહેર કર્યા હતા અને બિલપુડી બાઈકચાલક હર્ષ પટેલને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા. આ અંગે ડાહ્યાભાઈએ ધરમપુર પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

**વલસાડમાં બે ભાજપીઓએ સામ સામે આવી પોતાનો પાવર બતાવ્યો**

# વલસાડના જમીન વિવાદમાં ભાજપી સભ્યો વચ્ચે બબાલ

**પાલિકાના** માજી પ્રમુખ અને હાલના સભ્ય સામસામે આવી જતા મામલો ગરમાયો

**પાલિકાના** માજી પ્રમુખે મંડપ તાણી દઇ ફૂડ કોર્ટ ઉભું કર્યું, બીજી તરફ આ જમીન માટે પાલિકાના સભ્યનો પણ દાવો

વલસાડ : વલસાડમાં એસપી કચેરીની સામે આવેલા જૂના હાજી માર્કેટની જમીનનો વિવાદ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહ્યો છે. આ મુદ્દો પાલિકાની સામાન્ય સભામાં પણ ઉછળ્યો છે. આ જમીન પર હાલ પાલિકાના માજી પ્રમુખે મંડપ તાણી દઈ ફૂડ કોર્ટ ઉભું કર્યું છે. તો બીજી તરફ આ જમીન માટે પાલિકાના હાલના સભ્ય અને વકિલ પણ પોતાનો દાવો કરી રહ્યા છે. જેમની વચ્ચે આજરોજ ગરમાગરમી થઇ ગઇ હતી. જેમાં માજી પાલિકા પ્રમુખ દિપક રાણા પર ખુરશી ફેંકી હુમલો થયો હતો અને મામલો ગરમાયો હતો. જેનો વિડીયો પણ સોશિયલ મીડીયામાં વાઈરલ થયો હતો. આ ઘટનામાં પોલીસ વચ્ચે પડી તો પણ મામલો ઠંડો પડતાં બે કલાક નિકળી ગયા હતાં.

વલસાડ એસપી કચેરી સામે આવેલું હાજી માર્કેટ 1970માં બન્યું હતું. ત્યારબાદ તે જર્જરિત થતાં તેને તોડી પડાયું હતું. આ માર્કેટ તોડી પડાયા બાદ અહીં નવું મકાન બનાવી જે તે વ્યક્તિને આપવાના હતાં. જોકે, આ મામલે ભારે વિવાદ ચાલી રહ્યો છે.

આ માર્કેટની જગ્યાને લઇ પાલિકાના માજી પ્રમુખ દિપક રાણા સામે હાલના પાલિકાના સભ્ય અને આરોગ્ય સમિતિના ચેરમેન હિતેષ ભંડારી તેમજ વકીલ હિતેષ દેસાઇ સહીતના કેટલાક લોકોની લડાઇ ચાલી રહી છે. તેમની લડાઇ કાગળોથી દૂર થઇ હવે ઝપાઝપી સુધી આવી ગઇ હોવાનું જોવા મળ્યું હતું. આજરોજ આ બંને ભાજપીઓ પોત પોતાનો પાવર બતાવી રહ્યા હતાં.

પોલીસ વચ્ચે પડી તો તેમની પણ તેમણે અવગણના કરી હતી અને ઝગડો ચાલુ રાખ્યો હતો. શરૂઆતમાં માજી પ્રમુખ દિપક રાણા પર અહીં બનેલા ફૂડ કોર્ટની ખુરશીઓ અને ટેબલો ફેંકાયા હતાં. રાણા પર થયેલા આ હુમલાના વિડીયો પણ ઉતરી ગયા હતાં. ત્યારબાદ પોલીસ આવી હતી અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે રાણા પોલીસ મથકે પહોંચ્યા અને ત્યાં પોલીસ ફરિયાદ કરી રહ્યા હતાં. દરમિયાન બહાર ફરીથી બખેડો થયો હતો. જેમાં ફૂડ કોર્ટનો સામાન ખાલી કરાવવાના મુદ્દે ફરીથી હીતેષ ભંડારી, હિતેષ દેસાઇ સહિતના લોકોનો ફરીથી દિપક રાણાના ભાઇ સાથે ઝગડો થયો હતો. જેના પગલે ફરીથી પોલીસ આવી ગઇ અને દિપક રાણા પણ આવી ગયા હતાં. જેને લઇ પોલીસ ફરીથી હિતેષ ભંડારી, હિતેષ વકીલ સહિતના કાફલાને પોલીસ મથકે લઇ ગઇ હતી.

આ બનાવ બાદ દિપક રાણા મોડી સાંજ સુધી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાયા હતાં. જોકે, મોડી સાંજ સુધી પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કર્યો ન હતો. ત્યારે ડીએસપી ઓફિસ સામે જ થયેલા આ ઝગડામાં શું પગલાં ભરશે એ જોવું રહ્યું.

## સંક્ષિપ્ત સમાચાર

### ખોટા માણસો પ્રશંસા મેળવે છે અને સારા માણસો હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે



સુરત : મોટાબજાર સ્થિત કોઠારી જૈન ઉપાશ્રય વલસાડમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ મુનિ ભગવંતોની પાવન પધરામણી થઈ હતી. પૂજ્યશ્રી ત્રણ દિવસની સ્થિરતા કરશે. આ પાવન અવસરે પૂ. આચાર્ય પ્રવર શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજની નિશ્રામાં ધર્મસભાનું આયોજન થયું હતું. પૂજ્યશ્રીએ શ્રોતાઓ સમક્ષ જણાવ્યું હતું કે, માનવજીવનને મુઠ્ઠી ઊંચેરું બનાવવા માટે મોરલ, એટીટ્યુડ, ઓનર, એપ્રિસીએટ, વિઝન, ઇન્ટ્રોસ્પેક્શન અને રિલેક્સ થવું જરૂરી છે. મૂલ્યો, મર્યાદાઓ અને સભ્યતાઓ એ ભારતદેશની આગવી સંસ્કૃતિ છે. કાળના સપાટામાં મૂલ્યાદિત્રિકનો સફાયો થઈ રહ્યો છે. દુશ્મનને પણ દોસ્ત બનાવવો હશે તો વર્તન અને વ્યવહારમાં બદલાવ લાવવો પડશે. પરાયાને પોતાના બનાવવા માટે માન-સન્માન અને સ્વમાન જળવાવા જોઈએ. પ્રશંસા તો સહુને વહાલી હોય છે. કામ કરનારાઓને આગળ કરી તેની પ્રશંસા કરો. અત્યારે તો ખોટા માણસો યશ અને પ્રશંસા માટે આગળ આવી રહ્યા છે. સારા માણસો હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે.

### ધરમપુરમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન



ધરમપુર : ધરમપુરના વ્યાસ તીર્થ ખાતે ભગવાનશ્રી વેદ વ્યાસજીની કૃપાથી અને પૂજ્ય શરદભાઈ વ્યાસ દાદાના સંકલ્પથી તા. 1 થી 7 માર્ચ 2026 દરમિયાન શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય અને વિશાળ આયોજન કરવામાં આવ્યું છે. પહેલી વાર પૂજ્ય શરદભાઈ વ્યાસ દાદા તથા તેમના આત્મજ યુવા ભાગવતાચાર્ય પૂજ્ય આશિષભાઈ વ્યાસ એક જ વ્યાસ પીઠ પરથી સંયુક્તરૂપે ભાગવત કથા વાચન કરશે. કથાનો પ્રારંભ 1 માર્ચે સવારે 9:30 કલાકે ભવ્ય પોથીયાત્રાથી થશે. 4 માર્ચના રોજ સાંજે 5:30 કલાકે શ્રી રામ જન્મોત્સવ અને 6:30 કલાકે નંદ મહોત્સવ તથા ફૂલહોળી ઉત્સવ ઉજવાશે. તા. 6 માર્ચે બપોરે 12:00 કલાકે શ્રી ગોવર્ધન પૂજન અને સાંજે 6:00 કલાકે શ્રી રુક્મિણી વિવાહનો વિશેષ ધાર્મિક પ્રસંગ યોજાશે. દૈનિક કથાનો સમય સવારે 9:30 થી 12:00 તથા સાંજે 4:00 થી 6:30 રહેશે. સાત દિવસ સુધી ચાલનારી આ કથામાં શ્રીમદ્ ભાગવતના વિવિધ પ્રસંગો, ભક્તિ, જ્ઞાન અને સંસ્કારસભર સંદેશોનું સુંદર વર્ણન કરવામાં આવશે. આ પાવન આયોજનના યજમાન અલકાબેન તથા ભાવેશભાઈ ભીડે પરિવાર (મુંબઇ) તેમજ પાર્વતીબેન તથા શિવગણાલાલ રામાણી પરિવાર (બેંગલોર) છે. આયોજકો દ્વારા તમામ ધાર્મિક ભાવિકોને પરિવાર સાથે ઉપસ્થિત રહી કથાનો આધ્યાત્મિક લાભ લેવા જણાવાયું છે.

### વાપીમાં નકલી ચલણી નોટો સાથે ઝડપાયેલા આરોપીના જામીન ફગાવાયા

વાપી : વાપીમાં નકલી ચલણી નોટો છાપવાના રેકેટમાં ઝડપાયેલા આરોપી સંજય સોમનાથ પવારની જામીન અરજી વાપીની કોર્ટે નામંજૂર કરી હતી. આ કેસની વિગત એવી છે કે, વાપીના હરીયાપાર્ક વિસ્તારમાં આવેલા નક્ષત્ર પેલેસના એક ફ્લેટમાં ભાડે રહીને નકલી નોટો છાપવાનું ગેરકાયદે કામ કરી રહ્યા હતા. આરોપીઓ પાસેથી 500 ના દરની નકલી ચલણી નોટો રૂપિયા 24,30,000 ની કિંમતની અને છાપેલા કાગળો મળી આવ્યા હતા. આ ઉપરાંત, પોલીસે ઘટનાસ્થળેથી કલર પ્રિન્ટર, કટર, સ્ટીલની ફૂટપટ્ટી, ફેવી સ્ટીક, બોક્સ ફાઈલો અને અન્ય સ્ટેશનરી સામગ્રી પણ જપ્ત કરી હતી. પોલીસે નકલી ચલણી નોટ પ્રકરણમાં સંજય સોમનાથ પવાર તથા છાયાદેવી સુદેશ મંડલને ઝડપી પાડ્યા હતા. સંજય પવારના કબજાની બેગમાંથી પોલીસને સફેદ કોરા કાગળ ઉપર રૂપિયા ૫૦૦ના દરની ખોટી ભારતીય ચલણીનોટ છાપેલા કાગળો કુલ-૩૬ એક કાગળ પર ચલણી નોટ-૪ મુજબ કુલ ચલણી નોટ ૧૪૪ જે મુજબ રૂપિયા ૭૨,૦૦૦ની ચલણી નોટ સાથે ઝડપાયો હતો. આરોપી સંજય પવારે કરેલી જામીન અરજીને થર્ડ એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ વાપીના જજ પુષ્પાબેન સૈનીએ એજીપી રાકેશ ચાંપાનેરીયાની દલીલોને ગ્રાહ્ય રાખી નામંજૂર કરી હતી.

### ઉમરગામમાં પરિણીતાને ત્રાસ આપતા પતિ સામે પોલીસ ફરિયાદ

ઉમરગામ : ઉમરગામમાં પરિણીતાને ત્રાસ આપતા પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવાય છે. પ્રાપ્ત પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના ઉમરગામ શાંતિવન સોસાયટીમાં રહેતી પરિણીતા મનિષાબેન શશીકાંત માછી (ઉ.વ.35) ને તેનો પતિ શશીકાંતભાઈ ભગુભાઈ માછી (રહે ટીંભી માછીવાડ નવા ફળિયા) શંકા વહેમ રાખી અવારનવાર ઝઘડા કરી મારઝૂડ કરી ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકી હતી. આ બનાવની તેણીએ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# વોલ્વો બસમાંથી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

**ભીલાડ** હાઇવે પરથી 15 લાખની બસમાં 80,880 નો દારૂનો જથ્થો લઇ જવાનું ભારે પડ્યું

ઉમરગામ : ભીલાડ નેશનલ હાઈવે પર વોલ્વો બસમાંથી રૂપિયા 80,880 નો દારૂનો જથ્થો સાથે બે જણાની ભીલાડ પોલીસે અટક કરી હતી.

ભીલાડ પોલીસને શુક્રવારે રાત્રે ખાનગી રાહે બાતમી મળી હતી કે એક સફેદ કલરની વોલ્વો બસ નં. જીજે 07 વાય જેડ 7875 મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં આવી રહી છે અને આ બસમાં દારૂનો જથ્થો છે.

જે બાતમી હકીકતના આધારે પોલીસના માણસો ગુલશન નગર ભીલાડ પોલીસ સ્ટેશનની સામે વોચ રાખીને ઉભા હતા. તે દરમિયાન આ બસ આવતા ઉભી રાખી તેમાં તપાસ કરતા દારૂનો કિંમત રૂપિયા 80,880 નો જથ્થો મળી આવતા તે તથા 15 લાખની કિંમતની બસ તથા મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 15,95,880નો મુદ્દા માલ પોલીસે કબજે લીધો હતો. અને બસના ચાલક હિતેશ વજુભાઈ ચૌહાણ (રહે વાડી વાળું સ્ટ્રીટ ચોરાયા વરખડી વાસ અમદાવાદ શહેર) તથા ફારુખ પપ્પુ સયદ (રહે હનુમાનજી મંદિરની પાછળ સંજય નગર લિબાયત સુરત શહેર)ની અટક કરી હતી. અને કમુબેનને વોન્ટેડ જાહેર કરી ભીલાડ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

**ચલા કસ્ટમ માર્ગ ઉપર ખાડા પડતા વાહનચાલકો પરેશાન**



વાપી : વાપી નજીકના ચલા કસ્ટમ માર્ગ પર પાકી ગટર બનાવવાની કામગીરી ચાલે છે. જોકે ગાય-ભેંસના તબેલા નજીક આવેલા સાંઈ તુલસી એપાર્ટમેન્ટ સામેના માર્ગ પર ડ્રેનેજનું ગંદુ પાણી ભરાઇ રહે છે. પાણી ભરાવાના કારણે માર્ગ પર મસમોટા ખાડાઓ પડી ગયા છે, જેના લીધે અવરજવર મુશ્કેલ બની ગઈ છે. દિવસ-રાત પસાર થનારા વાહનચાલકો, રહેવાસીઓ તેમજ વિદ્યાર્થીઓ હાલાકીનો સામનો કરી રહ્યા છે. બાઈકચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. વરસાદી માહોલ ન હોવા છતાં ડ્રેનેજના પાણીના ભરાવાથી માર્ગ કાદવમય બની ગયો છે, છેલ્લા પંદરેક દિવસથી આ સમસ્યા યથાવત છે છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. રહીશો દ્વારા તાત્કાલિક અસરથી પાણીનો નિકાલ કરી માર્ગ સમતલ બનાવવાની માંગ ઉઠી છે.

# ગોળીગઢ બાપુ મેળા માટે એસટીની વિશેષ વ્યવસ્થા

**નવસારીથી** 40 વધારાની બસો, દિવસભર 300 જેટલી ટ્રિપ્સ, ભક્તો માટે 'ઝીરો વેઇટિંગ' વ્યવસ્થા

નવસારી : વાંસકુડી ખાતે તા.૧ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાનારા ગોળીગઢ બાપુના મેળાને ધ્યાનમાં રાખીને નવસારી એસટી ડેપો દ્વારા વિશેષ પરિવહન આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૪૦ વધારાની બસો દોડાવવામાં આવશે. એસટી તંત્રના જણાવ્યા મુજબ નવસારી-વાંસકુડી રૂટ પર દિવસ દરમિયાન અંદાજે ૩૦૦ જેટલી ટ્રિપ્સનું સંચાલન કરવામાં આવશે. મુસાફરોને લાંબી રાહ જોવી ન પડે તે માટે 'ઝીરો વેઈટિંગ ટાઈમ'ની વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે. નવસારીથી વાંસકુડી પહોંચવામાં અંદાજે એક કલાકનો સમય લાગે છે. મેળા સ્થળે તાત્કાલિક બસ સ્ટેશન ઉભું કરાયુ છે તેમજ ૩૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

બસોના ડ્રાઈવર અને કંડક્ટર બે શિફ્ટમાં ફરજ બજાવશે. આ વિશેષ બસ સેવા વહેલી સવારે ૩:૩૦ વાગ્યાથી શરૂ થઈને મોડીરાત્રે મેળો પૂર્ણ થાય ત્યાં સુધી સતત ચાલુ રહેશે.

# પારડીમાં આખલો તોફાને ચઢતા 2 વાહનને નુકસાન

પારડી : પારડી વલસાડીઝાંપા કંસારવાડમાં એક આખલો તોફાને ચડ્યો હતો અને 2 જેટલા વાહનચાલકોને નુકસાન કર્યું હોવાની જાણ હરીશભાઈએ કરતા ગૌરક્ષકની ટીમ સ્થળ પર આવી હતી.

ગૌરક્ષક કીર્તિ ભંડારી, રઘુભાઇ ભરવાડ, પાલિકાના સીઓના માર્ગદર્શન હેઠળ કારોબારી ચેરમેન ચેતન ભંડારી, પાલિકાના સેનેટરી ઇન્સ્પેક્ટર મેહુલ પરમાર, સભ્ય જીગ્નેશ પટેલ, સેનેટરી વિભાગના પંકજ ગરણીયા, સ્થાનિક બ્રિજેશ રાય સ્થળ પર આવી પહોંચ્યા હતા અને




બળદને જોતા હડકવાયેલો હોવાનું જાણવા મળ્યું હતું. કલાકોની જહેમત બાદ જેસીબીની મદદે દોરડા વડે આખલાનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

# ચણોદમાં મારામારી કરનારા પિતા-બે પુત્રો સામે ફરિયાદ

વાપી : ચણોદમાં બે પક્ષો વચ્ચે ઝઘડો કરી પિતા અને બે પુત્રોએ મારામારી કરી અને જાનથી મારી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી.

ચણોદ ગામમાં રાહુલ ભીમરાવ કટકે રહે છે. ગત તા.27-2-26 ના રોજ સાંજે મિત્રનો ફોન આવ્યો હતો અને જણાવ્યું કે, ચણોદમાં રહેતા શુભમ રાજુભાઈ વાનખેડેએ ફોન કરીને કહ્યું કે, તુ રાહુલ સાથે વધુ ફરે છે. ત્યારબાદ રાહુલે શુભમને ફોન કરીને પૂછતા તેણે જણાવ્યું કે, ચણોદ વિનર્સ સ્કૂલ પાસે મહાદેવ સદન બિલ્ડીંગની સામે માર્ગ પર છું આવ. જેથી તેઓ મિત્ર સાથે બાઈક લઈને પહોંચ્યો હતો જ્યાં શુભમ અને મોટો ભાઈ રોહિત હાજર હતા અને બોલાચાલી કરી ઝઘડો કર્યો અને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. દરમિયાન રાહુલના માતા અને બહેન પણ આવેલી હોય તેઓને પણ ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. જ્યારે શુભમના પિતા રાજુએ પણ ઝઘડો કર્યો હતો. રાહુલનો મિત્ર સમજાવવા જતા તેને પણ માર્યો હતો. અને બીજી વાર ચણોદમાં દેખાયો તો મારી નાખીશની ધમકી ઉચ્ચારી હતી. આ બનાવ અંગેની ફરિયાદ રાહુલ કટકેએ મારામારી કરનારા રાજુ તુકારામ વાનખેડે અને તેના બે પુત્ર શુભમ અને રોહિત (તમામ રહે. ડુંગરા) સામે વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**લાઈફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

**કેમિકલ ટેસ્ટિંગ**
શીખવું છે? મિલમાં વપરાતા કેમિકલ ના ટેસ્ટિંગ માટે સંપર્કઃ 9427519026

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર- 9427113317)**
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી,

**જયેશભાઈ-**
9106799251 9- મે, ટ્રેનમાં, મલ્લિકાર્જુન, તિરૂપતી, રામેશ્વર, કન્યાકુમારી. અધિક માસમાં, હરિદ્વાર, બદ્રીનાથ.

**પવિત્ર કૈલાશ**
માનસરોવર યાત્રા ૨૦૨૬ તિબેટીયન મહાકુંભ- Horse Year દક્ષિણ ગુજરાત કૈલાશ માનસરોવર યાત્રી મંડળ, સુરત દ્વારા આયોજીત છેલ્લા 37 વર્ષથી કાર્યરત સંસ્થા. 25 વર્ષથી યાત્રાનો સફળ અને સુખદ અનુભવ. સુરતથી સુરત પ્લેન દ્વારા સુઆયોજન સાથે, વાયા નેપાળ દિવસ- 13, પ્રથમ બેચ 28 મે (ફુલ), બીજો બેચ 20 જુન, ત્રીજો બેચ 12 જુલાઈ ચોથો બેચ 20 ઓગષ્ટ (કાઠમંડુથી બસ દ્વારા) પાસપોર્ટ જરૂરી. ભાગ્યશાળી યાત્રી સંપર્ક કરેં પી. ભરતભાઈ- 9879558244, પૂર્વિ ગજ્જર- 9712634105 રાવળ- 9375975293

**ક્ષેત્રપાળ ટૂર્સ**
(ખાટુંશ્યામજી, સાલાસર સાંવરિયા, ઉદયપુર, જયપુર 11-03) (બેંગ્લોર, પટાયા 06 દિવસ વિથ ફ્લાઈટ 23-03) (નેપાળ, અયોધ્યા, વારાણસી 23-03) ઉનાળુ વેકેશન પ્રવાસો. (સિમલા, મનાલી) (કાશ્મીર, વૈષ્ણોદેવી) (દાર્જિલિંગ, ગંગટોક) (ચારધામ, બદ્રીકેદાર) (હરિદ્વાર, ગોકુળ, મથુરા) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક) સુરેશભાઈ પુરોહિત. 9825105053

નોકરી વિષયક

**પાર્ટ- ટાઈમ જોબ**
સવારે- 7 થી 2 રોડ ઉપર નાસ્તાનું કાઉન્ટર સાંભાળવાનું પગાર- 8000. 9106715389 (864)

**કાંટાતાર કંપાઉન્ડ**
કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર એંગલ મારી તાર મારી આપવામાં આવશે.
સંપર્કઃ 9924337821

**જોઈએ છે**
સુરતમાં નામાંકિત ફાઈનાન્સિયલ કંપની માટે તરત જોડાઈ શકે તેવા ઉત્સાહી અને ઈચ્છુક વ્યક્તિ, RS. 4,00,000 થી વધુ કમાવવાની અને કરિયર બનાવવાની સુવર્ણ તક. સંપર્ક. કાજલબેન પટેલ મોબાઈલ નંબરઃ 9714134950

**ફિઝિયોથેરાપી ક્લિનિક**
માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

**FOR RENT**
80,000/-ના માસિક ભાડામાં
બેઝમેન્ટ (ગોડાઉન) ભાડે આપવાનું છે.
4000/- સ્કેવર ફીટ
2200/- કાર્પેટ
કોમા પાસે, પીપલોદ
Con:- 9898024032
Dhaval Cyclewala

**જોઈએ છે**
સરસાણા ખાતે 10 ભણેલા ઓફીસ બોય. 2 વ્હીલર વાળાને પહેલી તક. અરજી કરો. 9898991388. (867)

**સેલ્સમેન જોઈએ છે**
(પુરુષ) એજ્યુકેશન સંસ્થામાં શૈક્ષણિક પ્રોજેક્ટનું માર્કેટિંગ કરી શકે તેવા સુરત, વાપી, વલસાડ, વડોદરા વિસ્તાર માટે અનુભવીને પ્રાથમિક્તા 9909906434

**જોઈએ છે.**
એકાઉન્ટ માટે B.Com થયેલ અનુભવી વ્યક્તિની જરૂર છે.કેપ્લોન ઈન્ડસ્ટ્રીઝ. જુની GIDC, કતારગામ. 9879009133

**સ્ટાફ જોઈએ.**
સ્કૂલ પ્રોડક્ટ્સનું વેચાણ સ્કૂલમાં જઈને કરી શકે તેવો સ્ટાફ. (ગાડી હોવી જરૂરી). 9033332299

**લેડીઝ સ્ટાફ**
જોઈએ. Indiamart હેન્ડલ કરવા માટે અનુભવી લેડીઝ સ્ટાફ જોઈએ. ઉધના, સુરત. 9909463399

**બહેનો જોઈએ છે**
ગુર્જરી જ્વેલર્સ, ડી. કે. માર્કેટ, ચૌટબજાર, મોટા મંદિર, પગાર 9500/- (સમય 10:30થી 8:00)

મિલ્કત ભાડેથી

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

મિલ્કત જોઇએ છે

**જોઈએ છે**
ખેતી લાઈક જમીન 1 થી દોઢ વીઘા નવસારી સુરતની વચ્ચે મો- 9925015819

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત વેચવાની છે

**પ્લોટ વેચવાનો છે**
કીમ કુરસદ, નેશનલ હાઈવે 8થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

**ભટાર રોડ**
2 BHK ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. 9825088402, 9825919637

**ફ્લેટ વેચવાનો છે**
સીટી લાઈટ એરીયામાં જૂનું કન્સ્ટ્રકશન, ૧૯% કપાત (આશરે) ૨૨૦૦ sqft, ૧૮૦૦ sqft કાર્પેટ ફુલ્લી ફર્નીશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે (દલાલોએ તસ્દી લેવી નહીં)
Contact : ઋષભ શાહ ૯૫૮૬૫૦૭૯૬૯

**ભટાર રોડ**
ઓફિસ વેચવાની છે. વકીલ, C.A., લાયક 9104614923 (868)

**વેસુ, યુનિવર્સીટી**
નજીક મોકાની દુકાન વેચવાની છે આગમ એમ્પોરીયો 9104614923 (869)

**પ્લોટ વેચવાનો છે**
૧૭૦૦ વાર ૮૦ ફૂટ રોડ ડુમસ ૯૮૨૫૧૦૯૪૦૦

લગ્ન વિષયક

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઇ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.